## જન્મદિને વધામણી



રાજેન્દ્રકુમાર ટી મહેતા
મો. ૯૩૭૬૯ ૭૪૧૫૦



મીત શેતલભાઈ શાહ
શ્રી વિનય ટ્રેડર્સ
મો. ૯૫૮૬૦ ૩૩૧૩૯

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

\- સંપાદક

## પબ્લિક હેલ્થ ઈશ્યૂ પર થિએટર વર્કશોપ અને આર્ટ્સ ફેસ્ટિવલ

ગાંધીનગર, તા. ૧૮

રંગમંચની વિવિધ કળાઓ માટે શહેરની જાણીતી સંસ્થા દર્પણ એકેડેમી ઓફ પર્ફોમિંગ આર્ટ્સ જેટલી પોતાની રંગમંચની પ્રવૃત્તિઓ માટે જાણીતી છે, એટલી જ તે સામાજિક બદલાવ અને પરિવર્તનલક્ષી કામ માટે પણ જાણીતી છે. આ જ પરંપરાના ભાગરૂપે દર્પણા દ્વારા ખાસ પબ્લિક હેલ્થ ઈશ્યૂ પર લોકોમાં જાગૃતિ લાવવા માટે પબ્લિક હેલ્થ આર્ટ ફેસ્ટિવલનું આયોજન કરાશે.

આ ફેસ્ટિવલ માટે શહેરની દસ જાણીતી સંસ્થાઓ તેમજ કલાકારોના ગ્રૂપને નટરાણી ખાતે આમંત્રણ અપાયું છે. જેમાં કલાકારો અને તેમના ગ્રૂપ માટે પબ્લિક હેલ્થ ઈશ્યૂ પર બે દિવસના વર્કશોપનું આયોજન કરવામાં આવશે. ત્યારબાદ આ કલાકારો પબ્લિક હેલ્થ ફેસ્ટિવલમાં પોતાની કૃતિ રજૂ કરી શકશે. કૃતિઓ પર દુનિયાના સોશિયલ એન્ડ બિહેવરલ ચેન્જ વિષયના નિષ્ણાતો અભ્યાસ કરશે. તેમજ આ પ્રોજેક્ટ દ્વારા જાહેર આરોગ્ય ક્ષેત્રે કામ કરતા નિષ્ણાતો અને સંશોધકો પણ જોડાશે. તેથી આ નિષ્ણાતોના પરામર્શમાં રહીને કલાકારો તેમની કૃતિ પર કામ કરશે. આ બંને દૃષ્ટિકોણને સાંકળીને સામાન્ય જનતાની જાગૃતિ પર કામ થશે. કલાકારોએ માનસિક આરોગ્ય, મેન્સ્ટ્રુઅલ હેલ્થ, કેન્સર, ટીબી, રીપ્રોડક્ટિવ હેલ્થ, મેદસ્વિતા, કાર્ડિયોવેસ્ક્યુલર સિસ્ટમ, પર્યાવરણ અને આરોગ્ય, ડાયાબિટીસ, પોષણ, સેક્સ એજ્યુકેશન, આરોગ્ય સેવાઓની સ્થિતિ જેવા વિષયોમાંથી કોઈ એક પર ૧૨થી ૧૫ મિનિટની એક કૃતિ તૈયાર કરવાની થશે. તેના માટે વિવિધ કલાકારોના ગ્રૂપ પોતાનું નામ દર્પણ ખાતે નોંધાવી શકે. આ થિએટર ફેસ્ટિવલ માટે દસ ગ્રૂપની પસંદગી કરાશે. જેમને એક મહિનામાં પોતાની કૃતિ તૈયાર કરવાની રહેશે અને ફેસ્ટિવલ દરમિયાન શહેરના ચાર સ્થળોએ તેમણ રજૂઆત કરવાની રહેશે. તેઓ ઙ્ર્ષ્ઠંદ્બિર્ષ્ઠંજિદ્બટ્ઠિૈહટ્ઠ.ષ્ઠદ્બ પર અથવા તો દર્પણના ફોન નબંર પર સંપર્ક કરીને વધુ માહિતી મેળવી શકશે અને ફેસ્ટિવલમાં ભાગ લેવા માટે રજિસ્ટ્રેશન કરાવી શકશે.

# જે બી પ્રાઈમરી સ્કૂલ દ્વારા કાલુપુર બેન્કની મુલાકાત



ગાંધીનગર, તા. ૧૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાઈમરી સ્કૂલના ધોરણ-૭ના ૭૬૦ જેટલા વિદ્યાર્થીઓએ કાલુપુર બેન્ક, સેક્ટર-૨૩ શાખાની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ બેન્કના વિવિધ વ્યવહારો અને કામગીરી વિશે માહિતી પ્રાપ્ત કરી હતી. સાથે સાથે તેમણે બેન્ક લોકર, એટીએમ, ચેકબૂક, પાસબૂક વગેરે દ્વારા થતા નાણાકીય વ્યવહારો નિહાળીને બેન્કીંગ સેવાનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. સમગ્ર મુલાકાત દરમિયાન બેન્કના સંચાલક, મેનેજર તથા તમામ કર્મચારીગણ દ્વારા ખૂબ જ સારો સહકાર સાંપડ્યો હતો અને તેમણે વિદ્યાર્થીઓને ખૂબ જ રસપ્રદ માહિતી આપી હતી.

આચાર્ય નીવાબેન પટેલે આ સફળ મુલાકાત બદલ સમગ્ર બેન્ક પરિવાર પ્રતિ આભારની લાગણી પ્રગટ કરી હતી.

# સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરની બે રશિયન શિક્ષકોએ મુલાકાત લીધી



ગાંધીનગર, તા. ૧૮

ચિલોડા સ્થિત સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરની તાજેતરમાં એએફએસના સૌજન્યથી રશિયન શિક્ષકોએ મુલાકાત લીધી હતી.

રશિયાના કીરાઓવા રીજન ખાતે ફરજ બજાવતા અંગ્રેજી વિષયનાં શિક્ષક મારિયા કોરોલેવા અને જર્મન ભાષાનાં શિક્ષક શ્વેતલાના ઈવોનીનાએ શાળાની મુલાકાત લઈને ધન્યતા અનુભવી હતી.

સ્કૂલનાં પ્રિન્સિપાલ સથી વેણુગોપાલે શાળામાં ચાલતી એકેડેમિક સિસ્ટમને ખૂબ સુંદર રીતે સમજાવી હતી. બંને અતિથિ શિક્ષકોએ શાળાનાં શિક્ષકો સાથે સંવાદ સાધીનો રશિયન એજ્યુકેશન મેથડ અને ઈન્ડિયન એજ્યુકેશન મેથડ અંગે વિશદ ચર્ચા કરી હતી. હોમ વર્ક ન કરતા વિદ્યાર્થીઓને કઈ રીતે અભ્યાસ તરફ વાળવા? અભ્યાસમાં નબળા વિદ્યાર્થીઓને કઈ રીતે અભ્યાસ તરફ વાળવા ? તે અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ઉપરાંત શાળામાં ચાલતી ઈતર પ્રવૃત્તિઓ અંગે પણ અતિથિ શિક્ષકોએ રસ દાખવ્યો હતો.

તેમના માટે તૈયાર કરવામાં આવેલું પ્રદર્શન 'ગુજરાત દર્શન' જોઈ તેઓ પ્રભાવિત થયાં હતાં.

સ્કૂલને આ તક આપવા બદલ સ્કૂલ તરફથી એએફએસ, ગાંધીનગરનાં પ્રમુખ ડૉ. વર્ષા પારેખ અને સંસ્થા પ્રતિ આભારની લાગણી પ્રગટ કરવામાં આવી હતી.

# અમદાવાદ શહેરની સ્કૂલ્સમાં એડમિશનની મોસમનો પ્રારંભ

## ફીના માળખા બાબતે પ્રતિષ્ઠિત શાળાઓએ ધરેલું મૌન

ગાંધીનગર, તા. ૧૮

અમદાવાદની સ્કૂલોમાં એડમિશનની મોસમ શરૂ થઈ ગઈ છે. લગભગ સારી ગણાતી તમામ સ્કૂલોમાં નવા વર્ષના પ્રવેશ માટેના ફોર્મ બહાર પડી ગયા છે અને ટૂંક સમયમાં જ નવા પ્રવેશ પણ ફાળવી દેવામાં આવશે. જોકે, આ તમામ કાર્યવાહી વચ્ચે ફીને લઈને સ્કૂલોએ મૌન ધારણ કરી લીધું છું. મોટાભાગની સ્કૂલોએ પ્રવેશ કાર્યવાહી તો શરૂ કરી દીધી છે પરંતુ ફીના માળખાને લઈ હજુ સુધી સ્પષ્ટતા કરી ન હોવાનું જાણવા મળે છે. મોટાભાગની સ્કૂલો ચાલુ વર્ષનું ફી માળખું બતાવી તેના આધારે આગામી વર્ષે કેટલું માળખું હશે તે વાલીઓને નક્કી કરી લેવા માટેની સલાહ આપે છે. જોકે, નવા વર્ષની ફી કેટલી રહેશે તે અંગે સ્કૂલો મગનું નામ મરી પાડવા તૈયાર નથી. ફી કમિટી દ્વારા ચાલુ વર્ષની ફી નક્કી કરાઈ નથી ત્યાં આગામી વર્ષની ફીને લઈને અત્યારથી જ ઘર્ષણ ઊભું ન થાય તે માટે સ્કૂલોએ ફી માળખા અંગે સ્પષ્ટતા કરી ન હોવાનું જાણવા મળે છે.

અમદાવાદની સ્કૂલોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માટેની પ્રવેશ કાર્યવાહીનો પ્રારંભ કરી દેવાયો છે. મોટાભાગની સ્કૂલો દિવાળી વેકેશન પછી જ નવા પ્રવેશ શરૂ કરતી હોય છે, આ વખતે પણ દિવાળી વેકેશન બાદ સ્કૂલોમાં પ્રવેશની કાર્યવાહી શરૂ કરી દેવાય છે. મોટાભાગની સ્કૂલોમાં એન્ટ્રી લેવલના પ્રવેશ શરૂ કરી દેવાયા છે. જ્યારે અધ વચ્ચેથી થતાં પ્રવેશ એટલે કે ધોરણ-૧થી ૧૨ સુધીમાં પ્રવેશ લેવા હોય તો તેની કાર્યવાહી એપ્રિલ માસથી શરૂ કરવામાં આવશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. મોટાભાગની સ્કૂલોમાં નવા પ્રવેશ માટેના ફોર્મનું વિતરણ કરી દેવાયું છે અને ફોર્મ ભરીને પરત લેવાની કાર્યવાહી પણ પૂર્ણતાના આરે છે.

આગામી સપ્તાહમાં સ્કૂલો દ્વારા પ્રવેશની યાદી જાહેર કરી દેવાશે અને તેના આધારે પ્રવેશ કાર્યવાહી પણ પૂર્ણ કરી દેવામાં આવશે. જોકે, આ વખતે સ્કૂલોએ પ્રવેશ કાર્યવાહી વખતે ફીનું માળખું કેટલું હશે તે અંગે વાલીઓ સમક્ષ કોઈ સ્પષ્ટતા કરી નથી. ફી નિયમન વિધેયક બાદ ફીને લઈને ચાલતા વિવાદમાં સ્કૂલો વધુ ભરાવવા માગતી ન હોવાથી સ્કૂલોએ નવું ફી માળખું કેટલું રહેશે તે અંગે કોઈ સ્પષ્ટતા કરી નથી. વાલીઓ સ્કૂલ સમક્ષ ફી અંગે પૃચ્છા કરે ત્યારે સ્કૂલો ચાલુ વર્ષનું ફી માળખું જે હોય તે બતાવી તેના આધારે આગામી વર્ષનું ફી માળખું કેટલું રહેશે તેનો અંદાજ લગાવવાનું જણાવે છે. જોકે, ફી નિયમન કમિટી દ્વારા સ્કૂલની ફી નક્કી કરાયા બાદ સ્કૂલ દ્વારા સત્તાવાર રીતે આગામી વર્ષની ફી કેટલી રહેશે તેની જાહેરાત કરાશે તેમ વાલીઓને જણાવવામાં આવે છે.

## જે એમ ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે મોટીવેશનલ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૮

અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે ધોરણ-૧૨ની વિદ્યાર્થીનીઓ માટે મોટિવેશનલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

પરીક્ષાનો હાઉ કેવી રીતે દૂર કરવો અને જીવનમાં કેવી રીતે સફળ થવું તે અંગે હિમાંશુભાઈ ચૌધરીએ પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી વિદ્યાર્થીનીઓને વિગતે સમજાવ્યું હતું. લાઈફ શબ્દનો અર્થ ઉજાગર કરતાં તેમણે સમજાવ્યું હતુ કે 'લાઈફ' એટલે 'લિવ ઈન ફુલ એન્જોયમેન્ટ'. આ શીખ વિદ્યાર્થીનીઓને પસંદ પડી હતી તથા યાદ રહી ગઈ હતી. શાળા પરિવાર વતી આચાર્ય રમીલાબેન એસ ચૌધરીએ હિમાંશુભાઈ પ્રતિ આભારની લાગણી પ્રગટ કરી હતી.

## રશિયન શિક્ષકોએ આર જી સ્કૂલની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૧૮

કડી સર્વ વિદ્યાલય સંચાલિત શ્રીમતી આર જી કન્યા શાળાની તાજેતરમાં એએફએસના સૌજન્યથી રશિયાથી આવેલાં બે શિક્ષકોએ મુલાકાત લીધી હતી.

રશિયાના કીરાઓવા રીજન ખાતે ફરજ બજાવતા અંગ્રેજી વિષયનાં શિક્ષક મારિયા કોરોલેવા અને જર્મન ભાષાનાં શિક્ષક શ્વેતલાના ઈવોનીનાએ શાળાની મુલાકાત લઈને આનંદ અને સંતોષની લાગણી પ્રગટ કરી હતી. શાળાનાં આચાર્ય સુધાબેન પટેલ, સેકન્ડરી વિભાગના અંગ્રેજી શિક્ષક ફિરોઝાબેન મનસુરી, ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષક કમલેશભાઈ શર્મા, અનિલભાઈ રાવલ અને એએફએસ સાથે સંકલાયેલા વિદ્યાર્થીઓ સાથે બંને અતિથિઓએ ચર્ચા કરી રશિયાની શિક્ષણ પધ્ધતિ, ત્યાં શીખવવામાં આવતી ભાષાઓ વિશેની માહિતી આપી હતી. તેમણે શાળાની વિદ્યાર્થીનીઓનાં યુનિફોર્મના વખાણ કર્યા હતા.

# રાજ્ય ખેલ મહાકુંભ સ્પર્ધામાં ગાંધીનગર ટેક્વોન ડો ઝળક્યું



ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર ટેક્વોન ડો એસોસિએશનના ખેલાડીઓએ તાજેતરમાં પંડિત દિનદયાલ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ, સુરત ખાતે આયોજિત રાજ્યકક્ષાની ખેલ મહાકુંભ રમતોત્સવ અંતર્ગત ટેક્વોન ડો સ્પર્ધામાં ભાગ લઈ કુલ પાંચ જેટલા મેડલ પ્રાપ્ત કર્યા હતા અને ગાંધીનગરનું ગૌરવ વધાર્યું હતું.

આ સ્પર્ધામાં નિલાંશુ શાહને ગોલ્ડ તથા જયદીપ વાઘેલા, અનુરાગ બ્રાહ્મણીયા, હર્લી નિનામા અને શનિ રાજપૂતને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત થયો હતો.

આ ટીમનું નેતૃત્વ મિલન કંસારા અને રોનક કંસારાએ કર્યું હતું. સંસ્થાના ચીફ કોચ જતીન દવે તથા ગ્રાન્ડ માસ્ટર પ્રકાશ સંભવાણીએ વિજેતા ખેલાડીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.



ખેલ મહાકુંભ અંતર્ગત અન્ડર-૧૭ ભાઈઓની રસ્સાખેંચ સ્પર્ધામાં શેઠ સી એમ હાઈસ્કૂલે તાલુકા કક્ષા અને જિલ્લા કક્ષાની સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તાલુકા કક્ષાની સ્પર્ધા શેઠ સી એમ હાઈસ્કૂલ ખાતે અને જિલ્લા કક્ષાની સ્પર્ધા શ્રી જે એમ ચૌધરી હાઈસ્કૂલ ખાતે યોજવામાં આવી હતી. જિલ્લાકક્ષાએ વિજય બાદ હાર્દિક ચૌધરી, યોગેશ કર્ણાવત, પરેશ સોલંકી, મિહિર પટેલ, અજય ગોહિલ, આર્યન ચૌધરી, ક્રુપેન ડુમાણિયા, સ્મિત ચૌધરી, યુવરાજસિંહ સોઢાની પસંદગી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે કરવામાં આવી હતી. આ વિજેતા ખેલાડીઓને સઘન તાલીમ શાળાના વ્યાયામ શિક્ષક લાભુભાઈ દેસાઈ અને સંજયભાઈ પટેલે આપી હતી. વાઈસ પ્રિન્સિપાલ પ્રહલાદભાઈ પટેલ અને આચાર્ય બી કે પટેલે વિદ્યાર્થીઓ અને માર્ગદર્શક શિક્ષકોને બિરદાવી શાળા પરિવાર વતી અભિનંદન પાઠવ્યા હતા.

# એમ બી પટેલ અંગ્રેજી સ્કૂલનું ગૌરવ વધારતી વિદ્યાર્થીનીઓ





ગાંધીનગર, તા. ૧૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલની ધોરણ-૧૧માં અભ્યાસ કરતી બે વિદ્યાર્થીનીઓ - પ્રગતિ બી માલી અને એલિસ એસ ક્રિશ્ચિયને ખેલ મહાકુંભ અંતર્ગત જિમ્નાસ્ટીક્સની રમતમાં વિજેતા પદ મેળવી સ્કૂલનું ગૌરવ વધાર્યું છે. પ્રગતિ બી માલીએ વોલટીંગ અને ફ્લોર બંનેમાં સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કર્યો છે. શાળાકીય રમતોમાં સારો દેખાવ કરી બંને વિદ્યાર્થીનીઓ ઓલ ઈન્ડિયા સ્પર્ધા માટે પસંદગી પામી હતી.

શાળાનાં વ્યાયામ શિક્ષક નદીમ મેમણનું માર્ગદર્શન બંને વિદ્યાર્થીનીઓને પ્રાપ્ત થયું હતું.

બદલ બંને વિદ્યાર્થીનીઓ અને માર્ગદર્શક શિક્ષકને સમગ્ર શાળા પરિવાર વતી ાચાર્ય અર્પિત ક્રિશ્ચિયને બિરદાવી અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી હતી.

# ૨૦મીથી અમદાવાદમાં ગીતા જીવન સંહિતા અંગે ચિંતન સત્ર

ગાંધીનગર, તા. ૧૮

પ્રખર ધર્મોપદેશક પૂ.ભૂપેન્દ્રભાઈ પંડ્યા ગીતાના ચોથા અધ્યાય 'જ્ઞાનકર્મસંન્યાસ યોગ'નું ચિંતનાત્મક પ્રવચન-'ગીતા જીવન સંહિતા'નું આયોજન તા.૨૦થી ૨૬ નવેમ્બર, દરમિયાન હેલ્મેટ ચાર રસ્તા નજીક આવેલા ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન હોલ, ૧૩૨ ફૂટ રિંગ રોડ, અમદાવાદ ખાતે સાંજે ૪થી ૭ દરમિયાન કરાયું છે.

કેડિલા ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડના સ્થાપક ચેરમેન અને ભારતીય ફિલસૂફીમાં દૃઢ વિશ્વાસ ધરાવનારા ઈન્દ્રવદન મોદીની પાંચમી પુણ્યતિથિ નિમિત્તે 'ગીતા-જીવન સંહિતા, અસ્તિત્વનો ઉત્સવ – શ્રીકૃષ્ણની સાથે' ફિલસૂફી પર આધ્યાત્મિક ચર્ચા હાથ ધરાશે. ચિંતન સત્રમાં જાહેર જનતા, ઉપરાંત જાણીતી ધાર્મિક સંસ્થાઓના અગ્રણી ધર્મગુરુઓ પણ ઉપસ્થિત રહેશે. સાત દિવસના આધ્યાત્મિક ઉત્સવમાં જ્ઞાનપૂર્વક કર્મનો સંન્યાસ કરીને કર્મના દોષ અને બંધનથી છૂટવાના સિદ્ધાંતનું વર્ણન થશે.

## ડેઈલી કરંટ

દર્શન મારૂ

95862 87447

(૧) રાષ્ટ્રીય પ્રેસ દિવસ ક્યારે ઉજવવામાં આવ્યો હતો ?
(એ) ૧૫ ડિસેમ્બર
(બી) ૧૬ નવેમ્બર
(સી) ૧૬ ડિસેમ્બર
(ડી) ૧૪ નવેમ્બર

(૨) હાલ તાંઝાનિયા દેશની નૌસેના સાથેના સંયુક્ત જળ સર્વેક્ષણ માટે ભારતીય વાયુસેનાનું કયું યુદ્ધ જહાજ દાર-એ-સલામ પહોંચ્યું છે ?
(એ) તારિણી (બી) વિક્રાંત
(સી) સર્વેક્ષણ (ડી) અરિહંત

(૩) ૨૦૧૭માં રાજારામ મોહન રાય પુરસ્કાર નીચે પૈકી કયા બે મહાનુભાવોને આપવામાં આવ્યો છે ?
(એ) સેન રાજપ્પા-શરત મિશ્રા (બી) શાલીની નાયર-શરત મિશ્રા
(સી) કે કે સુજીત-શરત મિશ્રા (ડી) વિજય વર્મા-શરત મિશ્રા

(૪) તાજેતરમાં ઉપરાષ્ટ્રપતિએ આદિવાસી ઉદ્સવ 'આદિ મહોત્સવ'નું ઉદ્ઘાટન કયા સ્થળે કર્યું હતું ?
(એ) ભોપાલ (બી) કટક
(સી) ઈન્દોર (ડી) નવી દિલ્હી

(૫) ભારતના કયા રાજ્યમાં ૪૮મા આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવનો પ્રારંભ થયો છે ?
(એ) તામિલનાડુ (બી) ગોવા
(સી) કેરલ (ડી) કર્ણાટક

(૬) કયા દેશમાં સેનાએ રાષ્ટ્રપતિ રોબર્ટ મુગાબેની સરકારનો તખ્તો પલટ કરી સત્તા પોતાના હાથમાં લઈ લીધી છે ?
(એ) સોમાલિયા (બી) દક્ષિણ આફ્રિકા
(સી) લીબિયા (ડી) ઝિમ્બાબ્વે

(૭) તાજેતરમાં વિશ્વના કયા શહેરમાં ૩૪ મિલિયન ડૉલરની કિંમતનો દુનિયાનો સૌથી કિંમતી હીરો વેચાયો હતો ?
(એ) રોમ (બી) જિનિવા
(સી) બર્લિન (ડી) વૉન

(૮) જર્મનીમાં આયોજિત જળવાયુ પરિવર્તન સંમેલનમાં કયા નવા આંતરરાષ્ટ્રીય મંચની સ્થાપના કરવામાં આવી છે ?
(એ) હેગ ડાયલોગ (બી) દિલ્હી ડાયલોગ
(સી) તલાનોઆ ડાયલોગ (ડી) નેપાહો ડાયલોગ

(૯) તાજેતરમાં છત્રપતિ સન્માન ૨૦૧૭ માટે કયા વરિષ્ટ પત્રકારની પસંદગી કરવામાં આવી છે ?
(એ) ઉમાકાંત શેઠ (બી) ઉર્મિલેશ
(સી) રવિશકુમાર (ડી) પ્રભુ ચાવલા

(૧૦) વિશ્વનું પ્રથમ તરતું શહેર કયા દેશમાં નિર્માણ પામશે ?
(એ) રશિયા (બી) જાપાન
(સી) ફ્રાંસ (ડી) વિયેતનામ